નડીઆદ મ્યુનિસિપલ કોર્પોરેશન
વોક ઈન ઈન્ટરવ્યૂ
સને : ૨૦૨૫–૨૦૨૬

સ્વચ્છ ભારત મિશન – અર્બન તથા પ્રધાનમંત્રી આવાસ યોજના ગુજરાત અંતર્ગત નડીઆદ મહાનગરપાલિકામાં નીચે મુજબની ૧૧ માસ કરાર આધારિત જગ્યાઓ માટે તા.૧૯/૦૯/૨૦૨૫ ના રોજ વોક ઈન ઈન્ટરવ્યૂ રાખવામાં આવેલ છે. યોગ્યતા ધરાવતા ઉમેદવારે નડીઆદ મહાનગરપાલિકા ખાતે સવારે ૧૦.૩૦ થી ૧૧.૩૦ સુધી રૂબરૂ હાજર રહી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તેમજ ૧૨.૦૦ કલાકે થી ઈન્ટરવ્યૂ શરૂ કરવામાં આવશે. જેમાં ઉમેદવારોએ લાયકાત અને અનુભવના અસલ પ્રમાણપત્રો તેમજ પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ અને પાસપોર્ટ સાઈઝના બે ફોટોગ્રાફ્સ સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે. ભરતી અંગેની શરતો અત્રેની કચેરીના નોટીસ બોર્ડ પર જોઈ શકાશે.

અ.નં.	હોદ્દાનું નામ	લાયકાત	ખાલી જગ્યા	પગાર ધોરણ
૧.	સીટી મેનેજર – SWM	B.E./B.Tech-Environment, B.E./B.Tech-Civil, M.E./M.Tech-Environment, M.E./M.Tech- Civil, (અનુભવ – એક વર્ષ (ડિગ્રી મેળવ્યા બાદનો)	૧	રૂા.૩૦,૦૦૦/- (માસિક)
૨.	સિવીલ એન્જીનીયર – આવાસ યોજના	B.E./B.Tech-Civil, M.E./M.Tech- Civil, With Specialization in public health / experience in procurement, design & supervizen of housing & infrastructure /experience in implementing new construction technologies /ability to assist NMC to set standard & procier for quality & monitoring અનુભવ :- પોસ્ટ ગ્રેજ્યુએશન પછી ૫ વર્ષનો અનુભવ, ગ્રેજ્યુએશન પછી ૩ વર્ષનો અનુભવ	૧	ડીગ્રી રૂા.૩૫,૦૦૦/- (માસિક) પી. જી. રૂા.૪૦,૦૦૦/- (માસિક)
૩.	સોશીયલ ડેવલોપમેન્ટ એક્સપર્ટ	Social Science (Sociology/ Anthrotology/ Psychology/ Social Work/ Development studies / Community development / Public Policy / Human resource development / Public administration / Experiece in urban development area / Experience in implementing capacity building programme / Experience in designing, Implementing & Evaluting building capacity activity preferably in municipal environment with practical experience of work with community / Slum in urban area અનુભવ :- પોસ્ટ ગ્રેજ્યુએશન પછી ૫ વર્ષનો અનુભવ, ગ્રેજ્યુએશન પછી ૩ વર્ષનો અનુભવ	૧	ડીગ્રી રૂા.૩૫,૦૦૦/- (માસિક) પી. જી. રૂા.૪૦,૦૦૦/- (માસિક)

નાયબ મ્યુનિસિપલ કમિશનર
નડીઆદ મહાનગરપાલિકા

(માહિતી/નડી/૨૯૩/૨૦૨૫)

AHM/PMAY (U) 2.0/CLTC/2024-25/ 709 તા. 12 AUG 2025

વંચાણે લીધા :

1 : અત્રેની કચેરીના તા. 20.04.2017 ના પત્ર ક્રમાંક AHM/CLTC-NPs/2017-18/89 અને 90

2 : અત્રેની કચેરીના તા. 15.11.2018 ના પત્ર ક્રમાંક એ.એચ.એમ/ સી.એલ.ટી.સી./ પ્રાદેશિક કમિશ્નર કચેરી/ 18-19 /2245

3 : અત્રેની કચેરીના તા. 17.12.2024 ના પત્ર ક્રમાંક –એએચએમ/કોન્ટ્રાક્ટ રિન્યુઅલ /2024-25/ 1063 અને 1064

કાર્યાલય આદેશ

"સૌને માટે આવાસ" ના ઉમદા હેતુને ધ્યાનમાં રાખી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત નગરપાલિકા/ઝોનને ઉક્ત વંચાણમાં દર્શાવેલ પત્ર 1 અને 2 થી સીટી લેવલ ટેક્નીકલ સેલ (CLTC) માં 11 માસના કરાર આધારિત મહેકમની ફાળવણી કરવામાં આવેલ. જે અંતર્ગત અત્રેની કચેરીમાં આપના દ્વારા વખતો વખત કરવામાં આવતી રિન્યુઅલની દરખાસ્ત મુજબ કાર્યરત મહેકમનો કરાર રિન્યુઅલ વંચાણમાં દર્શાવેલ પત્ર 3 થી કરવામાં આવેલ. જે બાબતે આપશ્રી અવગત હશો.

કેન્દ્ર સરકારશ્રી દ્વારા તા. 17.09.2024 થી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0 અમલી બનાવવામાં આવેલ છે. સદર યોજના અંતર્ગત કેન્દ્ર સરકારશ્રી દ્વારા હવે બાદ મળવાપાત્ર મહેકમ/નિષ્ણાતોની વિગત નીચે મુજબ છે.

ટેબલ – 1 : મહેકમ પરના નિષ્ણાતો

ક્રમ	મહેકમ પરના નિષ્ણાતો
1	2
1	સિવિલ એન્જિજનિયર
2	એમ. આઈ. એસ. એક્સપર્ટ
3	સોશ્યલ ડેવલપમેન્ટ એક્સપર્ટ
4	ફાયનાન્સીયલ મેનેજમેન્ટ એન્ડ એકાઉન્ટિંગ એક્સપર્ટ
5	આઇઇસી એક્સપર્ટ

રાજય કક્ષાએથી કરવામાં આવેલ નિર્ણય અનુસાર હવે બાદ મળવાપાત્ર મહેકમની વિગત નીચે મુજબ છે.

ટેબલ – 2 : મળવાપાત્ર મહેકમ

ક્રમ	મહાનગરપાલિકાના નામ	મળવાપાત્ર મહેકમની સંખ્યા	નવી ભરતીના કિસ્સામાં માસિક રેમ્યુનરેશન
1	2	3	4
1	આણંદ	2	ડિગ્રી-35,000/- પી.જી-40,000/-
2	મોરબી	2	
3	ગાંધીધામ	2	
4	વાપી	2	
5	પોરબંદર	2	
6	નડિઆદ	2	
7	નવસારી	2	
8	મહેસાણા	2	
9	સુરેન્દ્રનગર	2	
કુલ		**18**	

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત અગાઉ ફાળવેલ મહેકમ દ્વારા કરવામા આવતી કામગીરીને ધ્યાનમાં રાખી ઉક્ત ટેબલ 2 મા હવે બાદ ફાળવવામાં આવતા મહેકમ પર તબદીલ/ નવેસરથી ભરતી અંગેના બે વિકલ્પો આપવામા આવે છે.

વિકલ્પ – 1 :

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) અંતર્ગત આ અગાઉ ફાળવેલ મહેકમ પૈકી હાલ કાર્યરત મહેકમને રિન્યુઅલ સમયે અત્રેથી ચૂકવવામાં આવતા માસિક રેમ્યુનરેશન પર 20% અથવા રૂ.4,000/- (રૂ. ચાર હજાર પુરા) (બેમાંથી જે ઓછું હોય તે) વધારા સાથે ઉક્ત ટેબલ 1 માં દર્શાવેલ જગ્યાઓમાંથી સામેલ SOP મુજબ શૈક્ષણિક લાયકાત અને અનુભવને ધ્યાને લઇ અનુકુળ જગ્યાઓ પર ટેબલ 2 માં ફાળવેલ મહેકમ પર તબદીલ કરી શકાશે. જેની કાર્યવાહી હાથ ધરી 3 (ત્રણ) દિવસની બ્રેક બાદ નવો કરાર કરવાનો રહેશે. તથા બાકી જગ્યા પર વિકલ્પ 2 મુજબ નવી ભરતી કરી શકાશે.

વધુમાં ડીપ્લોમા શૈક્ષણિક લાયકાત ધરાવતુ મહેકમ ફક્ત ક્લસ્ટરમાં જ મળવાપાત્ર હોય જેથી ક્લસ્ટર સિવાયની જગ્યાઓ પર ડીપ્લોમા શૈક્ષણિક લાયકાત ધરાવતા નિષ્ણાતોની નવી ભરતી કરી શકાશે નહી. જે સંસ્થામાં ડીપ્લોમા શૈક્ષણિક લાયકાત પર મહેકમ કાર્યરત હોય તેવા કિસ્સામાં મહત્તમ માસિક રૂ. 35,000 ની મર્યાદામાં રહીને જ રેમ્યુનરેશનમાં વધારો કરી શકાશે.

અથવા

વિકલ્પ – 2 :

ટેબલ 1 માં દર્શાવેલ મહેકમ પરના નિષ્ણાતો પૈકી સ્થાનિક કક્ષાએ જરૂરિયાત મુજબના નિષ્ણાતોની પસંદગી કરી ટેબલ 2 માં ફાળવેલ મહેકમ તથા દર્શાવેલ રેમ્યુનરેશનની મર્યાદામાં રહી આપની કક્ષાએથી નિર્ણય કરી આ સાથે સામેલ SOP મુજબ નીચે દર્શાવેલ શરતોને આધીન નવેસરથી ભરતી પ્રક્રિયા હાથ ધરી શકાશે જેની કાર્યવાહી બે માસમાં પુર્ણ કરવાની રહેશે.

ઉક્ત બે વિકલ્પો પૈકી એક વિકલ્પની પસંદગી કરી નિયમોનુસાર કાર્યવાહી પુર્ણ કરી તેની જાણ એક માસમાં અત્રેની કચેરીને કરવાની રહેશે.

ઉક્ત ફાળવેલ મહેકમ પર વાર્ષિક 5 % (પાંચ ટકા) વધારા માટે આપની કક્ષાએથી નિર્ણય લઇ રેમ્યુનરેશનમાં વધારો સુચવી શકાશે, જે મહેકમની જગ્યાઓ તથા રેમ્યુનરેશનના ચૂકવણા અંગેનો નાણાકીય વર્ષ મુજબ વાર્ષિક પ્લાન (Annual Capacity Building Plan) બનાવી દર વર્ષે માર્ચ માસના અંત સુધીમા અત્રેની મંજૂરી માટે સાદર કરવાનો રહેશે. અત્રેથી નિયત કરેલ રેમ્યુનરેશનથી વધારે રેમ્યુનરેશન ચૂકવવામાં આવશે તેવા કિસ્સામાં અત્રેથી તેની ગ્રાન્ટ મળવાપાત્ર રહેશે નહી તેનો ખર્ચ સંબંધિત સંસ્થાના સ્વ-ભંડોળમાથી કરી શકાશે.

પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) 2.0 અંતર્ગત હાલ મળવાપાત્ર મહેકમ અને અગાઉ ફાળવેલ મહેકમમા ફેરફાર હોય, નીચે મુજબની સંસ્થાઓમાં કાર્યરત મહેકમની કામગીરીની ઉપયોગિતાને ધ્યાને લઇ ક્લસ્ટરમાં મળવાપાત્ર મહેકમ સામે સરભર કરવા નિર્ણય કરવામા આવેલ છે. જેના પર નવી ભરતી કરી શકાશે નહી, સદર મહેકમની જગ્યા ખાલી થશે તેવા કિસ્સામા મહેકમ આપો આપ ખારીજ ગણવામાં આવશે તથા ક્લસ્ટરમાં જરૂરિયાત ઉદભવશે તેવા કિસ્સામાં જગ્યા પરત્વે જે નિર્ણય અત્રેથી સુચવવામાં આવે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

ક્રમ	**યુ.એલ.બીનું નામ**	**સરભર કરી ફાળવેલ મહેકમની સંખ્યા**	**મહેકમ તબદીલીના કિસ્સામાં મળવાપાત્ર રેમ્યુનરેશનમા વધારો**
1	વાપી મહાનગરપાલિકા	1	નિયત કરેલ માસિક રેમ્યુનરેશન પર 20% અથવા રૂ.4,000/- (રૂ. ચાર હજાર પુરા) (બેમાંથી જે ઓછું હોય તે)
કુલ		1	

શરતો-

- ઉક્ત ફાળવેલ મહેકમની જગ્યાઓ પર 11 માસના કરાર/આઉટ સોર્સથી હયાત મહેકમને તબદીલ/ સાથે જોડેલ SOP મુજબ નવી ભરતી આપની કક્ષાએથી કરવાની રહેશે. કરાર આધારિત મહેકમ પાસેથી આપની કક્ષાએથી નિયમોનુસાર કરારનામુ અચૂક કરાવવાનુ રહેશે.
- અત્રેથી ફક્ત મહેકમ ફાળવવામાં આવેલ છે, જે મહેકમની જગ્યાઓ તથા રેમ્યુનરેશનના ચૂકવણા અંગેનો નાણાકીય વર્ષ મુજબ વાર્ષિક પ્લાન (Annual Capacity Building Plan) બનાવી દર વર્ષે માર્ચ માસના અંત સુધીમા સાદર કરવાનો રહેશે, વાર્ષિક પ્લાન પ્રાપ્ત નહી થાય તેવા કિસ્સામાં મહેકમ ખારીજ ગણવામા આવશે અને સહાય અંગેની અત્રેની કચેરીની કોઈ જવાબદારી રહેશે નહી.
- અત્રેથી ફાળવેલ ગ્રાન્ટ પુર્ણ થવાના એક માસ અગાઉ વપરાશના પ્રમાણપત્ર સાદર કરવાના રહેશે. જે અત્રેને પ્રાપ્ત થયા બાદ જ આગળના સમયગાળાની ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
- નિયત રેમ્યુનરેશનની મર્યાદામાં જ અત્રેથી ગ્રાન્ટ છૂટી કરવામા આવશે. તે સિવાય અન્ય કોઇ ખર્ચ મળવાપાત્ર રહેશે નહી. નિયત રેમ્યુનરેશન ઉપરાંત કોઇ કર્મચારીની કામગીરીને ધ્યાનમાં રાખી રેમ્યુનરેશનમાં વધારો કરવા સ્થાનિક સંસ્થા ઇચ્છૂક હોઇ તેવા કિસ્સામાં સ્થાનિક કક્ષાના સ્વ-ભંડોળમાંથી વધારો આપી શકાશે જેની ગ્રાન્ટ અત્રેથી મળવાપાત્ર રહેશે નહી/તેની માટે કોઇ પણ જાતની ભલામણ/રજૂઆત કરી શકાશે નહી.
- દર માસની 1 થી 10 તારીખ સુધીમા અત્રેથી નિર્ધારિત ફોર્મેટ મુજબ રેમ્યુનરેશન પેટે થયેલ ખર્ચની વિગતો સાદર કરવાની રહેશે.

- ઉક્ત ફાળવેલ મહેકમ પર તબદીલ/ નવી ભરતી અંગેના નિર્ણયની જાણ એક માસમાં કરવાની રહેશે. નવી ભરતી પ્રક્રિયાના કિસ્સામાં બે માસમાં સમગ્ર કાર્યવાહી પુર્ણ કરી તેની જાણ અત્રેને કરવાની રહેશે. બે માસમાં ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં નહી આવે તેવા કિસ્સામાં મહેકમ ખારીજ ગણી તે મહેકમ અન્ય સંસ્થામાં તબદીલ કરવામાં આવશે.
- સદર મહેકમ કામચલાઉ ધોરણે ફાળવવામાં આવેલ હોય જેના પર કોઇ પણ પ્રકારનો કાયમી કરવાનો કે અન્ય ભથ્થા મેળવવાનો દાવો ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
- ભરતી કરવામા આવેલ મહેકમ પાસે પ્રધાનમંત્રી આવાસ યોજનાની કામગીરી કરાવવાની રહેશે અને આપની કચેરી ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજના સિવાયની કોઇપણ અન્ય કામગીરી કરતાં હોવાનું ધ્યાને આવશે તો તેવા કિસ્સામાં તાત્કાલિક અસરથી અત્રેથી મહેકમ પરત લેવામાં આવશે.
- ફાળવેલ મહેકમ પાસે જોબ પ્રોફાઇલ ઉપરાંત અત્રેથી સુચવ્યા મુજબની યોજનાકીય તમામ કામગીરી કરાવવાની રહેશે.
- અત્રેની કચેરી ખાતેથી આપવામાં આવતી તમામ સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અત્રેની કચેરી દ્વારા ટેલીફોનીક/લેખિત કે મૌખિક માંગવામાં આવતી માહિતી સમયમર્યાદામાં પુરી પાડવાની રહેશે.
- રાજ્ય/કેન્દ્ર સરકારશ્રી કક્ષાએથી ફાળવેલ મહેકમ પરત લેવામાં/રદ કરવામાં આવશે તો તેવા કિસ્સામાં ફાળવેલ મહેકમના પગારના ચૂકવણા અત્રેથી કરવામાં આવશે નહી તથા અત્રેથી જણાવ્યા મુજબ તાત્કાલિક અસરથી કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

➤ ફાળવેલ મહેકમ પર ભરતી કરેલ કર્મચારી દ્વારા ભ્રષ્ટાચાર તથા નિયમો વિરુદ્ધની કામગીરી કરતાં હોય અને કોઈ ફરિયાદ પ્રાપ્ત થાય છે તેવા કિસ્સામાં તેની સંપૂર્ણ જવાબદારી આપની કચેરીની રહેશે.

મિશન ડાયરેક્ટર
એફોર્ડેબલ હાઉસીંગ મિશન

બિડાણ :- ઉપર મુજબ

પ્રતિ,

મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,

આણંદ, મોરબી, ગાંધીધામ, વાપી, પોરબંદર, નડિઆદ, નવસારી, મહેસાણા, સુરેન્દ્રનગર.

નકલ રવાના :

- હિસાબી અધિકારીશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ મિશન.
- વહીવટી અધિકારીશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ મિશન.

Standard Operating Procedure

Required Qualification and Experience and Job Description of City Level Technical Cell (CLTC)

Post Graduate candidate in mentioned specialization with min. 5 years of relevant Experience and Graduate candidate in mentioned specialization with min. 3 years of relevant Experience required.

Sr. No.	Position	Job Description	Required Qualification and Experience
1	**Civil Engineer**	➢ Overall support for project formulation, approval, execution, monitoring and timely completion of projects. ➢ Ensuring quality of construction as per prevailing norms. ➢ Work in coordination with ULB, SLNA & SLTC. ➢ Handholding support to the ULBs for the demand survey, validation, preparation of City Wise Housing Plan, DPR etc. ➢ Handholding support to the ULBs in identifying land for housing development and identifying tenable slum pockets for conversion to Beneficiary Led Constriction (BLC) or Affordable Housing in Partnership (AHP) in case of tenable/untenable slums for redevelopment' or resettlement. ➢ Technical support in the design and implementation of housing and infrastructure works. ➢ Provide support to the ULBs to identify, evaluate and adapt green technologies, good construction practices and disaster resistant construction, area specific design and	➢ An Engineer with specialization in public health or civil engineering. ➢ With experience in procurement, design, and supervision of housing and infrastructure works. ➢ Experience in implementing new construction technologies in the housing sector. ➢ Ability to assist ULBs to set standards and procedures for ensuring quality and monitoring compliance. ➢ Prior experience as Municipal Engineer will be an added advantage. ➢

Affordable Housing Mission Gujarat Gandhinagar

		innovative technologies suiting to different geo-climatic zones. ➢ Provide technical support in tendering process and facilitate recruitment of quality consultants for preparation of Detailed Projects Report (DPRs) etc. ➢ Review and appraise the Detailed Projects Report (DPR) and provide feedback as and when necessary. ➢ Preparation of designing a scrutinizing/appraisal mechanism and a protocol for random check of projects and overall monitoring and evaluation of design and supervision of infrastructure works. ➢ Support ULBs to prepare project monitoring formats and report on progress of construction and utilization of funds under the scheme. ➢ Any other related tasks that may be entrusted upon by the ULB.	
2	**MIS Expert**	➢ Responsible for entry of all types of data of the Mission and uploading the desired documents on unified web portal to be used by the SLNA/MoHUA. ➢ Support ULBs in coordinating/monitoring the housing demand surveys. ➢ Responsible for overall activities related to geotagging of projects/houses. ➢ Coordinate management of electronic data pertaining to the ULB, including soft copies of letters, reports and numerical data. This may involve conversion of data and reports in hard copy to electronic form, as well as their storage in an organized filing system. ➢ Furnish monthly/quarterly progress report to the Ministry through SLSMC/SLNA through unified web portal. ➢ Provide support State level MIS specialists as and when required.	➢ Degree in Computer Science or Electronics or MCA/PGDCA or Mathematics/Statistics. ➢ Experience in Government/semi Govt./autonomous organizations/private company of repute. ➢ Exposure in handling MIS tools & project management, database management software etc. ➢ Ability to work in a team and train staff to use the systems.

Affordable Housing Mission Gujarat Gandhinagar

3	**Social Development Expert**	➢ Overall responsible for the management of Capacity Building activities including Social Audit in / ULBs. ➢ Coordinate/monitor/conduct District/City level training programmes. ➢ Develop Capacity Building modules appropriate to the ULBs on PMAY-U 2.0 components and organise training programmes on these modules. ➢ Develop the database of trainers and resource persons on planning, community participation, social development, engineering etc. ➢ Support city level Capacity Building activities/ coordinate and organize training programmes and bring in resource persons for taking sessions during these training programmes. ➢ Support ULBs in organising study tours and exposure visits for cross learning. ➢ Develop mechanism and monitor the impacts of training programmes and documentation of learnings from the field. ➢ Any other related tasks that may be entrusted upon by SLNA/ULB.	➢ Required qualification in Social Sciences (Sociology, Anthropology, Psychology)/ Social Work/ Development Studies/ Community Development/ Public Policy/ Human Resource Development / Public Administration or any discipline. ➢ Experience in the urban development sector. ➢ Experience in implementing Capacity Building programme for ULBs. ➢ Experience in designing, implementing and evaluating Capacity Building activities, preferably in the municipal environment.
4	**Financial Management & Accounting Expert**	➢ Support ULBs to identify finance options available for financing urban infrastructure and leveraging funds from various sources. ➢ Provide technical guidance on municipal finance and gender budgeting etc., ➢ Responsible for maintaining records of fund release from State/UT using PFMS/SNA Sparsh modules ➢ Preparation and submission of UCs against fund released. ➢ Coordination with Banks/PLIs for organising Loan Melas for facilitating the home loans for the beneficiaries	➢ Required qualification in Finance/Accounting or M.Com/B.Com or MBA in Finance with experience in municipal finance. ➢ Experience in evaluating urban infrastructure investments and helping ULB to use a range of options for financing projects. ➢ Exposure of maintaining project fund flow, disbursement of fund and use of accounting software/tools. ➢ Experience of dealing with Banks/PLIs will be added advantage

Affordable Housing Mission Gujarat

સ્વચ્છ ભારત મિશન અર્બન - ગુજરાત

ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડની કચેરી, બોર્ડ નિગમ વિસ્તાર, સેક્ટર ૧૦-એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦ E-mail : sbm-urban@gujarat.gov.in

સત્યમેવ જયતે

स्वच्छ भारत
एक कदम स्वच्छता की ओर

ક્રમાંક:SBM/e-file/302/2023/0252/Admin/92 તા:૦૨/૧૧/૨૦૨૩

<u>વંચાણે લીધા:</u>

- સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 અંતર્ગત મુખ્ય સચિવશ્રીનાં અધ્યક્ષ સ્થાને યોજાયેલ ગુજરાતની પ્રથમ હાઈપાવર કમિટીની તા:૨૩/૧૦/૨૦૨૩ની કાર્યવાહી નોંધ.

<u>કાર્યાલય આદેશ:</u>

માન. વડાપ્રધાનશ્રી દ્વારા તા. ૧ ઓકટોબર ૨૦૨૧નાં રોજ નવી દિલ્હી ખાતેથી સ્વચ્છ ભારત મિશન અર્બન -૨.૦ લોન્ચ કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રીએ સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦નો સમયગાળો <u>૨૦૨૧ થી ૨૦૨૬ સુધી પાંચ વર્ષ માટે નવા ઘટકો સસ્ટેનેબલ સેનીટેશન, સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ, યુઝ વોટર મેનેજમેન્ટ, આઈ.ઈ.સી, કેપેસીટી બિલ્ડીંગ સાથે લંબાવેલ છે.</u>

મિશન નવા ઘટકો સાથે લંબાવેલ હોવાથી તેની કામગીરી જોરશોરથી ચાલી રહેલ છે. આ કામગીરીની ભારત સરકારશ્રી દ્વારા અવાર નવાર રીવ્યુ લેવામાં આવી રહ્યો હોવાથી કામગીરી ઝડપથી,વધુ અસરકારક અને નગરપાલિકાને સતત માર્ગદર્શન મળી શકે તે માટે ઝોનલ કક્ષાએ અને નગરપાલિકા કક્ષાએ સંખ્યા બળ વધારવું અતી આવશ્યક હતું આથી સ્વચ્છ ભારત મિશન અર્બન ૨.૦ ની હાઈ પાવર કમિટીમાં <u>નીચે મુજબનું માળખું મિશનનાં સમયગાળા ૨જી ઓક્ટોબર ૨૦૨૬ સુધી મંજૂર કરવામાં આવેલ છે.</u>

1. **<u>પ્રાદેશિક કમિશનરશ્રીની કચેરી, નગરપાલિકાઓ - ૬ ઝોન</u>**

ક્રમ	હોદ્દાનું નામ	લાયકાત	અનુભવ	પગાર ધોરણ
૧	ઝોનલ મેનેજર – IT	B.E /B.Tech - IT/ , M.E/ M.Tech - IT/ M.C.A/Msc.IT	૨ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદનો)	રૂ. ૪૦,000/- (માસિક)
૨	ઝોનલ મેનેજર - SWM	B.E/B.Tech- Environment / B.E/B.Tech - Civil/ M.E/M.Tech-Environment / M.E/M.Tech – Civil	૨ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદનો)	રૂ. ૪૦,000/- (માસિક)

2. **<u>નગરપાલિકા કક્ષાએ – ૧૫૭</u>**

ક્રમ	હોદ્દાનું નામ	લાયકાત	અનુભવ	પગાર ધોરણ
૧	સિટી મેનેજર – (MIS/IT)	B.E /B.Tech - IT/ , M.E/ M.Tech - IT/ B.C.A/ B.sc IT/ M.C.A/M.sc IT	૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદનો)	રૂ. ૨૦,000/- (માસિક)
૨	સિટી મેનેજર - SWM	B.E/B.Tech- Environment / B.E/B.Tech - Civil/ M.E/M.Tech-Environment / M.E/M.Tech – Civil	૧ વર્ષ (ડીગ્રી મેળવ્યા બાદનો)	રૂ. 30,000/- (માસિક)

ઉપરોક્ત બાબતે, સ્વચ્છ ભારત મિશન અર્બન 2.0 – ગુજરાત અંતર્ગત મહેકમમાં જરૂરી ફેરફાર આ પત્રની તારીખથી લાગુ કરવાના રહેશે.

શરતો :-

૧. ઝોનલ કક્ષાએ/નગરપાલિકા કક્ષાનું સ્વચ્છ ભારત મિશન અર્બનનું મહેકમ મિશનનો સમયગાળો ૨જી ઓક્ટોબર ૨૦૨૬ સુધીનું રહેશે ત્યારબાદ આ મહેકમ રદ થઇ જશે.

૨. કર્મચારીઓની ભરતી જાહેરાત દ્વારા ૧૧ માસના કરાર આધારિત અથવા આઉટસોર્સિંગથી કરવાની રહેશે.

3. ઝોનલ / નગરપાલિકા કક્ષાએ ઈન્ટરવ્યુ થયા બાદ જે કર્મચારીશ્રીઓની પસંદગી કરવામાં આવે તેઓના ડોક્યુમેન્ટની ચકાસણી માટે નગરપાલિકા એ ઝોનલ કચેરીને ડોક્યુમેન્ટ્સ (Resume, એજ્યુકેશન, અનુભવનાં પ્રમાણપત્ર) મોકલવાના રહેશે.અને ઝોનલ કચેરીએ સ્વચ્છ ભારત મિશન અર્બનની કચેરીને ડોક્યુમેન્ટ્સ (Resume, એજ્યુકેશન, અનુભવનાં પ્રમાણપત્ર) દ્વારા ચકાસણી થયા બાદ જ કર્મચારીને નિમણુંક આપવાની રહેશે.

૪. કર્મચારીશ્રીઓની નિમણુંક ઉપરી કચેરીને જાણ કર્યા વગર આપવામાં આવશે તેવા કિસ્સામાં આખરી નિર્ણય મિશન ડાયરેક્ટર, સ્વચ્છ ભારત મિશન અર્બનનો રહેશે.

૫. કર્મચારીઓના પગાર સ્વચ્છ ભારત મિશન અર્બનની કચેરી દ્વારા ફાળવેલ કેપેસિટી બિલ્ડીંગની ગ્રાન્ટ માંથી કરવાનાં રહેશે. તે સિવાય તમામ આનુષંગીક ખર્ચ નગરપાલિકાએ કરવાનો રહેશે.ઝોનલ કચેરીનાં કર્મચારીશ્રીઓની પગારની ગ્રાન્ટ સ્વચ્છ ભારત મિશન અર્બનની કચેરી દ્વારા દર ૬ મહિને UTC આપ્યા બાદ ફાળવવામાં આવશે.

૬. કરારનાં ધોરણે ફરજ બજાવતા કર્મચારી એક માસની નોટીશ આપી અથવા એક માસના ફિક્સ વેતનની રકમ કચેરીમાં જમા કરાવી કરારનો અંત લાવી શકાશે. તેની જાણ સ્વચ્છ ભારત મિશન અર્બનની કચેરીની કરવાની રહેશે.

૭.કરાર આધારિત/આઉટસોર્સ કર્મચારીશ્રીઓને સરકારશ્રીનાં પ્રવતમાન નિયમો મુજબ નિયત કરેલા લાભો મળવાપાત્ર થશે.

૮. કરારનાં સમય દરમ્યાન બજાવેલ સેવા / નોકરી અન્વયે પેન્સન/ફેમીલી પેન્સન, બોનસ, એલ.ટી.સી. રજાનું રોકડમાં રૂપાંતર કોઈપણ પ્રકારની પેશગી, પ્રવર્તા કે તેવા અન્ય કોઈ નાણાકીય કે વહીવટી લાભો મળવાપાત્ર રહેશે નહી.

૯. સરકારશ્રી દ્વારા નિયત કરેલ વેરા/ટેક્ષ નિયમોનુસાર કર્મચારીને મળતા ફિક્સ વેતનમાંથી કપાત કરવામાં આવશે.

૧૦. નિમણુંક પામેલા કર્મચારીએ કાર્ય મથક પર રહેઠાણ રાખવાનું રહેશે અને અધિકૃત અધિકારીની પરવાનગી વગર મથક છોડી શકાશે નહી.

૧૧. C અને D વર્ગની નગરપાલિકાની કેપેસિટી બિલ્ડીંગની ગ્રાન્ટ પૂર્ણ થાય એ કિસ્સામાં કર્મચારીશ્રીઓના પગાર માટે સ્વચ્છ ભારત મિશન અર્બનની કચેરીમાં UTC સાથે દરખાસ્ત દ્વારા ગ્રાન્ટની માંગણી કરી શકશે.

૧૨. જે કિસ્સામાં કર્મચારીને કરાર રીન્યુ કરવાનો હોઈ તે કિસ્સામાં કર્મચારીના ૧૧ માસના કોન્ટ્રાકટની મુદત પૂર્ણ થયેથી ૨ દિવસનો સર્વિસ બ્રેક (ચાલુ દિવસ) આપ્યા બાદ ૧૧ માસના કરારનાં ધોરણે નિમણુંક આપી શકાશે.

૧૩. સ્વચ્છ ભારત મિશન અર્બન તથા મિશનનાં ઘટકોની માર્ગદર્શિકાઓ અને મિશન ડાયરેક્ટશ્રીના કાર્યક્ષેત્રમાં આવતી તમામ પ્રકારની કામગીરી કરવાની રહેશે.

૧૪.નિયત માસિક વેતન પર કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

૧૫. કર્મચારીની કોઈપણ પ્રકારની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કે અન્ય કોઈ કારણોસર કોઈપણ જાતની પૂર્વ નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે એક તરફી કરાર/આઉટસોર્સની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે. નગરપાલિકા કક્ષાએ આ સતા ચીફ ઓફિસરશ્રી/RCM કચેરી અને સ્વચ્છ ભારત મિશન અર્બનની રહેશે. અને ઝોનલ કક્ષાએ આ સતા RCM કચેરી અને સ્વચ્છ ભારત મિશન અર્બનની રહેશે.

૧૬.ઉપરી કચેરીના અધિકારીશ્રી/કર્મચારીશ્રી દ્વારા આપવામાં આવેલ તમામ કામગીરી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે અને સૂચના મુજબ જો રજાનાં દિવસે હાજર રહેવા જણાવેલ હોઈ તો ફરજીયાત નિયમોનું પાલન કરવાનું રહેશે અન્યથા ઉપરી કચેરી દ્વારા પગલા લેવામાં આવશે.

૧૭. તબીબી સારવારનો ખર્ચ મજરે મળવાપાત્ર થશે નહી.

૧૮. બોલીઓ અને શરતો કર્મચારીએ સ્વીકાર્ય છે તે અંગેનું સંમતિપત્રક કરારનામું નોટરી દ્વારા રૂ.૧૦૦/- (અંકે રૂ.સો પૂરા) નાં સ્ટેમ્પ પેપર પર કરીને રજૂ કરવાનું રહેશે. (નકલ સ્વચ્છ ભારત મિશન અર્બનને મોકલવાની રહેશે.)

૧૯. કરાર આધારિત અને આઉટસોર્સ કર્મચારીશ્રીને સરકારશ્રીએ નક્કી કરેલ નિયમો જ લાગુ પડશે.

મિશન ડાયરેક્ટર
સ્વચ્છ ભારત મિશન અર્બન

નકલ સવિનય રવાના:

- માન. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર